Gujarat Secondary and
Higher Secondary Education Board
Gandhinagar

R. R. Varsani, IAS
Chairman

ક્રમાંકઃમઉમશબ/૨૦૧૪/ના.અ.
તા. ૩૦-૭-૨૦૧૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષયઃ– આગામી પરીક્ષાઓની તૈયારી બાબત.

મહાશય,

બોર્ડના અધિકારીઓ, બોર્ડના સભ્યશ્રીઓ, શિક્ષણ વિભાગના વિવિધ વર્ગના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓની મદદથી માર્ચ ૨૦૧૪ની પરીક્ષાઓ સારી રીતે પૂર્ણ થઈ છે અને આપ સૌના સહકારથી બોર્ડ નિયત સમયમાં પરિણામ બહાર પાડી શકેલ છે. ત્યારબાદ જુલાઈ ૨૦૧૪ની પૂરક પરીક્ષાઓ અને રેમેડીયલ પરીક્ષાઓ પણ સારી રીતે પૂર્ણ થયેલ છે. પ્રથમવાર પરીક્ષાઓમાં મોટા પાયે શાળાઓ પાસેના હયાત સી.સી.ટી.વી. કેમેરા અને પાયલોટ પ્રોજેક્ટ તરીકે સરકારશ્રી દ્વારા અપાયેલ ૧૩૦૦ જેટલા ટેબલેટનો ઉપયોગ આ પરીક્ષાઓમાં કરવામાં આવેલ છે. તેના ઘણાં જ સારાં પરિણામો પ્રાપ્ત થયાં છે. પરંતુ દરેક પરીક્ષાને અંતે આપણે બધાએ આ કાર્ય વધુ સારી રીતે કરવા માટે સતત વિશ્લેષણ કરીને ભૂલો સુધારવાની પણ એટલી જ જરૂર છે, જેથી ત્યાર પછીની પરીક્ષાઓ વધારે સારી રીતે પાર પાડી શકાય. સૌ પ્રથમ સી.સી.ટી.વી. કેમેરાની વાત કરીએ તો જે શાળાઓના મકાનોમાં સી.સી.ટી.વી. કેમેરા હોય તેવા બ્લોકનો જે તે કેન્દ્રમાં અગ્રતાના ધોરણે ઉપયોગ કરવાની સૂચના અત્રેથી આપવામાં આવેલ અને પરિણામ સ્વરૂપ આ પરીક્ષામાં મર્યાદિત સંખ્યામાં બિલ્ડીંગો એવા હતા કે જેમાં સી.સી.ટી.વી. કેમેરા ઉપલબ્ધ હોય. પરંતુ કેટલીક શાળાઓએ એવી માહિતી આપેલી કે તેની પાસે સી.સી.ટી.વી. કેમેરા છે પરંતુ રેકોડીંગની સુવિધા નથી. તેથી જે શાળાઓમાં સી.સી.ટી.વી. કેમેરા હોય ત્યાં રેકોડીંગની સુવિધા અચૂક ઉપલબ્ધ હોય તેવી કાર્યવાહી જિલ્લા કક્ષાએથી ઝુંબેશરૂપે હાથ પર લેવા જણાવવામાં આવે છે. એટલું જ નહીં કેટલીક શાળાઓએ શાળામાં ૨૫ વર્ગ ખંડ ઉપલબ્ધ હોય તો દસેક વર્ગ ખંડમાં જ સી.સી.ટી.વી. કેમેરા હોય તેવું પણ બને અને કેટલીક જગ્યાએ વર્ગ ખંડમાં સી.સી.ટી.વી. કેમેરા હોવા છતાં આચાર્યની ચેમ્બર અથવા અન્ય કોઈ રૂમમાં એના મોનીટરીંગ માટે સ્કીનની વ્યવસ્થા ન હોવાનું પણ ધ્યાનમાં આવેલ છે. આ સંજોગોમાં એવી વ્યવસ્થા ગોઠવીએ કે જેથી જિલ્લા કક્ષાએ મોનીટરીંગ સ્કીન પર કોઈ શિક્ષક/ઓફીસર બેસાડીને તમામ વર્ગનું જીવંત નિરીક્ષણ કરી શકે અને ગેરરીતિ જણાય તો તુરત જ વર્ગ ખંડ

Sector 10-B, Near Old Sachivalaya, Gandhinagar - 382 010
Phone : (O) (079) 23220691, 23253817 Fax No. : (079) 23253828
E-mail : chairman-gseb@gujarat.gov.in

નિરીક્ષક, બિલ્ડીંગ કન્ડકટર તથા જિલ્લા શિક્ષણાધિકારીને ગેરરીતિ અંગે ત્યાંથી જ તુરત જ વાકેફ કરી શકે. આ માટે પરીક્ષા કાર્યવાહી દરમ્યાન પ્રશ્નપત્રોને લઈ જતા સરકારી પ્રતિનિધિએ બ્લોક કન્ડકટરને પ્રશ્નપત્ર આપ્યા બાદ આ નિરીક્ષણની કાર્યવાહી સોંપી શકાય કે કેમ તે વિચારવું જરૂરી છે. તે ઉપરાંત બીજા કોઈ એક શિક્ષક/અધિકારીને પણ આ કામ માટે મુકવા કે કેમ એ પણ વિચારવાનો મુદ્દો છે. આ બાબતે આપનો અભિપ્રાય આપવા વિનંતિ છે.

ગત વખતે ૩G જયાં સગવડતા હતી ત્યાં જ પાયલોટ યોજના રૂપે ૧૩૦૦ ટેબલેટ ૧૨ જિલ્લામાં મુકવાની વ્યવસ્થા કરાયેલી. પરંતુ આ વખતે સરકારશ્રીની સૂચના મુજબ મહત્તમ કેન્દ્રો/બિલ્ડીંગ સી.સી.ટી.વી. કેમેરા અથવા ટેબલેટથી સજજ કરવાનાં છે તે સંદર્ભમાં આ યોજના સર્વ રીતે સફળ થાય તે માટે આયોજન કરવું ખૂબ જરૂરી છે અને આયોજનના ભાગરૂપે આપને આ પત્ર લખી રહયો છું.

અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે ઘણી બધી શાળાઓમાં સી.સી.ટી.વી. કેમેરા છે પરંતુ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર–૧ અને ૩ ના મળીને લગભગ ૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને સમાવવા માટે લગભગ ૬૨૫૦ વર્ગખંડ જોઈએ. એટલે વર્ગ ખંડમાં જરૂરિયાત પ્રમાણે કેન્દ્રો ઉપર સી.સી.ટી.વી. કેમેરા ઉપલબ્ધ હોવા જોઈએ અને ન હોય તો શાળાઓ જોડે વાટાઘાટો કરીને પણ તે મુકાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. આપના જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અંદાજીત સંખ્યા આપ જાણતા જ હશો. તે પ્રમાણે આ તમામ વિદ્યાર્થીઓને સી.સી.ટી.વી. સજજ વર્ગ ખંડમાં સમાવવા માટે શાળાઓને સી.સી.ટી.વી. કેમેરા રાખવા માટે પ્રોત્સાહિત કરવા બેઠકો યોજી કાર્યવાહી કરવા આપને વિનંતી છે.

ગત પરીક્ષામાં જે શાળામાં સી.સી.ટી.વી. કેમેરા હતા પરંતુ રેકોર્ડીંગની વ્યવસ્થા ન હતી તેમને પણ રેકોર્ડીંગની વ્યવસ્થા કરવા સમજુત કરવા વિનંતિ છે અને આ કાર્ય હકારાત્મક રીતે પુરુ પડે તે આપ જોશો. આ માહિતી ઝડપથી તૈયાર કરવી જરૂરી હોય દિન–૭માં આ સાથેના પત્રક–૧, ૨ ૩ અને ૪ પ્રમાણે પ્રત્યેક શાળાદીઠ માહિતી તૈયાર કરીને મોકલી આપવા વિનંતી છે.

સી.સી.ટી.વી. કેમેરા ઉપલબ્ધ હોવાથી કામ પૂર્ણ થઈ જતું નથી. પરીક્ષા દરમ્યાન સી.સી.ટી.વી. કેમેરા ચાલવા જોઈએ, બગડવા ન જોઈએ તેમજ પરીક્ષા સમયે વીજળી ઉપલબ્ધ થવી જોઈએ. રેકોર્ડીંગ સવલત હોવી જોઈએ તેમજ ડાઉનલોડ કરીને સી.ડી. બનાવવાની ક્ષમતા હોવી જોઈએ અથવા ડાઉનલોડ કરવાની સુવિધા ઉભી કરવી જોઈએ. આ તમામ કાર્ય માટે બિલ્ડીંગ દીઠ આવા કામના જાણકાર શિક્ષક/આઈ.ટી. કે કોમ્પ્યુટરના પ્રોફેસરો / આઈ.ટી.આઈ.ના ઈન્સ્ટ્રકટરો, કમિશ્નર ઓફ સ્કૂલ દ્વારા રાખવામાં આવેલા આઈ.ટી. કોઓર્ડીનેટરો,ડાયેટનો જાણકાર સ્ટાફ, જિલ્લા વહીવટી તંત્ર પાસે ઉપલબ્ધ કોઈ પણ વિભાગના જાણકાર કર્મચારીઓ ઉપલબ્ધ કરી શકાય તેમ છે કે કેમ? તેની પણ જરૂર પડયે કલેકટરશ્રી સાથે વિશેષ બેઠક કરીને પણ વિગતો મેળવવી.

પરીક્ષા માટેના જેટલા બિલ્ડીંગહોય તેટલી સંખ્યામાં આઈ.ટી./કોમ્પ્યુટર/સી.સી.ટી.વી. કેમરાનાજાણકાર કર્મચારી/શિક્ષક હોવા આવશ્યક છે. દસેક ટકા રીઝર્વ સ્ટાફ ઉભો કરવો પડે તેથી તે માટેની જરૂરી એકસરસાઈઝ કરી વ્યવસ્થા કરશો.

સી.સી.ટી.વી. કેમેરા અથવા ટેબલેટ મુકયા બાદ ગેરરીતિ આચરનારા વિદ્યાર્થીઓને ઓળખવા માટે પણ પધ્ધતિ કરવી આવશ્યક છે, જેથી વર્ગ ખંડમાં તેમને બેસવાની સ્થિતિ એક સરખી કરવી જરૂરી છે. આ કામ કરતા વર્ગ ખંડ નિરીક્ષકો અને આઈ.ટી./કોમ્પ્યુટર સ્ટાફને પણ તાલીમ આપવી અત્યંત આવશ્યક છે તેથી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા વખતે વર્ગ ખંડ નિરીક્ષકના ત્રણ ગણા નામ તેમની શાળાની વિગતો સાથે આ સાથેના પત્રક પ્રમાણે તૈયાર કરશો. તે સિવાય વર્ગખંડ નિરીક્ષક તરીકે અન્યને ન મુકવા કાળજી લેશો. આપ સૌ જાણો છો કે ગેરરીતિઓને કાબૂમાં રાખવાની પ્રાથમિક જવાબદારી વર્ગ ખંડ નિરીક્ષકની છે. તેમના દ્વારા જો ચુક થાય અથવા બેદરકારી દાખવવામાં આવે તો તેમને પણ શિક્ષા કરવાની જરૂરિયાત છે. એ સંજોગોમાં ગ્રાન્ટેડ શાળાઓના વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો સિવાયના જ શિક્ષકોની યાદી તૈયાર કરવી જેથી બોર્ડ તેમને તાલીમ આપવાની વ્યવસ્થા કરી શકે.

ઉપરોકત કાર્યવાહી અગ્રતાન ધોરણે હાથ પર લઈ તા. ૬–૮–૨૦૧૪ સુધીમાં તૈયાર કરીને અત્રે બોર્ડના નાયબ અધ્યક્ષશ્રીના Email Id dychairmangseb@gmail.com પર ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટમાં સોફ્ટ કોપીમાં મોકલી આપવાની રેહેશે જેથી તુરત જ તેને આખરી કરી શકાય.

(આર.આર.વરસાણી)
અધ્યક્ષ

નકલ સવિનય રવાનાઃ
(૧) કમિશ્નર ઓફ સ્કૂલ તરફ જાણ સારૂ.
(૨) તમામ કલેકટરશ્રીઓ તરફ જાણ અને સમીક્ષા સારૂ.

નકલ રવાનાઃ
(૧) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, વડોદરા.
(૨) પરીક્ષા સચિવશ્રી તમામ.

## પત્રક–૧

### સી.સી.ટી.વી.ની ઉપલબ્ધતા અને રેકોર્ડીંગની વ્યવસ્થા દર્શાવતું પત્રક

| જિલ્લામાં કુલ માધ્ય. અને ઉ.માધ્ય. શાળાઓની સંખ્યા | શાળાઓના બિલ્ડીંગની સંખ્યા | બિલ્ડીંગ દીઠ વર્ગ ખંડની સંખ્યા | સી.સી.ટી.વી. ધરાવતી શાળાઓની સંખ્યા | સી.સી.ટી.વી. ધરાવતા બિલ્ડીંગની સંખ્યા | સી.સી.ટી.વી. ધરાવતા વર્ગ ખંડોની સંખ્યા | રેકોર્ડીંગની સુવિધાવાળી શાળાની સંખ્યા | રેકોર્ડીંગની સુવિધા ધરાવતા બિલ્ડીંગની સંખ્યા | રેકોર્ડીંગની સુવિધા ધરાવતા વર્ગ ખંડની સંખ્યા | મોનીટરીંગ માટે સ્ક્રીન ઉપલબ્ધ હોય તેવી શાળા / બિલ્ડીંગની સંખ્યા | રેકોર્ડીંગ કરી સીડી બનાવી શકશે કે કેમ? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

<u>પત્રક–૨</u>

**ઓકટોબર ૨૦૧૪ પહેલાં સી.સી.ટી.વી.ની ઉપલબ્ધતા દર્શાવતું પત્રક**

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | શાળાનું નામ | શાળાના બિલ્ડીંગની સંખ્યા | શાળાના વર્ગ ખંડોની સંખ્યા | સી.સી.ટી.વી. ધરાવતા વર્ગ ખંડોની સંખ્યા | શાળામાં મોનીટરીંગ સ્ક્રીન ઉપલબ્ધ છે? | જો ના, તો ઓકટોબરની પરીક્ષા પહેલાં લગાવશે? | તમામ વર્ગોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા સંમત છે અને પરીક્ષા પહેલા લગાવશે? | શાળામાં રેકોર્ડીંગની વ્યવસ્થા છે? | જો ન હોય તો પરીક્ષા પહેલા લગાવશે? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

## પત્રક–૩

### સી.સી.ટી.વી. ઉપલબ્ધ ન હોય તેવા કેન્દ્રોની શાળાઓ વિષે માહિતી

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | શાળાનું નામ | સી.સી.ટી.વી. શાળામાં ન હોય તો કોલેજમાં છે? | સી.સી.ટી.વી. વાળી કોલેજનું નામ | જે યુનિ. સાથે સંલગ્ન હોય તે યુનિ.નું નામ | કોલેજના રૂમોની સંખ્યા | રેકોર્ડીંગની સુવિધા ઉપલબ્ધ છે? | ઓકટોબરની પરીક્ષામાં ઉપયોગ કરવા આપશે? | આચાર્યનું નામ | મોબાઈલ નંબર અને લેન્ડ લાઈન ફોન નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

**પત્રક–૪**

**આઈ.ટી. / કોમ્પ્યુટર / સી.સી.ટી.વી.ના જાણકાર કર્મચારીઓની વિગત**

| જિલ્લો | તાલુકો | શાળાની સંખ્યા | બીલ્ડીંગની સંખ્યા | કોમ્પ્યુટર / સી.સી.ટી.વી. કેમેરાને ચલાવી શકે તેવા વિષયના જાણકાર શિક્ષકો / પ્રોફેસરો / કર્મચારીઓ જેમની સેવાઓ લઈ શકાય. | કમિશ્નર ઓફ સ્કૂલ દ્વારા મૂકાયેલ આઈ.ટી. કોઓર્ડીનેટરની સંખ્યા જેમની સેવાઓ લઈ શકાય | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |